**રજુ તારીખ : ૨૩.૦૩.૨૦૨૬**
**દાખલ તારીખ : ૨૩.૦૩.૨૦૨૬**
**નિકાલ તારીખ : ૦૧.૦૪.૨૦૨૬**
**અવધિ : વર્ષ માસ દિવસ**
**<u>૦૦</u> <u>૦૦</u> <u>૧૦</u>**

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૪૯/૨૦૨૬**

**આંક :૦૫**

**અરજદાર :–** **વિશાલ અરજણભાઈ મારવાડી,**
ઉ.વ.આ.૨૪, ધંધો : મજૂરી,
રહે : પ્રાઇમ બેંકની પાછળ બાયડ,
મુ.પો. બાયડ, તા.બાયડ,
જી.અરવલ્લી (મોડાસા)
હાલ : સબ જેલ, સંતરામપુર.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**<u>બાબત</u>:– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલ **શ્રી કે. સી. પટેલ** |
| સામાવાળા તરફે વિ. પી.પી.**શ્રી એસ. આર. ડામોર** |

**– : : ઠરાવ : :–**

**(૧)** સદર અરજદાર વિરૂદ્ધ બાકોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૧૨૫૦૪૮૬/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬–બી નાં ગુનામાં જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

**(૨)** અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૨૨.૧૧.૨૦૨૫ નાં રોજ નોંધાયેલ. ત્યારબાદ તા.૧૮.૦૩.૨૦૨૬ નાં

રોજ અરજદારની અટક કરવામાં આવેલ અને તા.૧૯.૦૩.૨૦૨૬ નાં રોજ ખાનપુરનાં મહે. જયુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરવામાં આવેલ. ત્યારબાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદારે તે જ કોર્ટમાં ક્રિ.પ.અ.નં.પ૨/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે તા.૨૦.૦૩.૨૦૨૬ નાં રોજ નામંજૂર થયેલ. અરજદારે અગાઉ અત્રેની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ. ત્યારબાદ અરજદાર તરફે નામ. ગુજરાત હાઇકોર્ટમાં ક્રિ.પ.અ.નં.૧૨૪૦/૨૦૨૬ થી આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવેલ, જે તા.૧૭.૦૨.૨૦૨૬ નાં રોજ અરજદાર દ્વારા વિથડ્રો કરવામાં આવેલ. હાલની અરજદાર તરફેની આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, હાલનાં અરજદારને તા.૧૮.૦૩.૨૦૨૬ નાં રોજ અટક કરી, તા.૧૯.૦૩.૨૦૨૬ નાં રોજ નામ. કોર્ટ રૂબરૂ રજુ કરેલ. હાલનાં અરજદારે અગાઉ અત્રેની કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ, જે અત્રેની કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવેલ અને ત્યારબાદ નામ. ગુજરાત હાઇકોર્ટમાં કરેલ આગોતરા જામીન અરજી વિથડ્રો કરવામાં આવેલ છે. અરજદારની માલિકીની ગાડીમાં પ્રોહી. મુદ્દામાલ સાથે સ્થળ પરથી પકડાયેલ આરોપીને અત્રેની કોર્ટ દ્વારા જામીનમુક્ત કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, અરજદારે કોઇ ગુનો કરેલ નથી. પ્રોહી. મુદ્દામાલ અરજદારની માલિકીનો ન હોવા છતાં અરજદારને શંકાનાં આધારે ખોટી રીતે સંડોવી દીધેલ છે. હાલનાં ગુનાનો તમામ મુદ્દામાલ રીકવર થઇ ગયેલ છે, વધુ કોઇ પ્રકારનો ગુનાહિત મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરવાનો બાકી રહેતો નથી. અરજદાર સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો આરોપ નથી. અરજદાર અરજીમાં જણાવેલ સરનામાનાં કાયમી રહિશ છે, ત્યાં સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, છૂટક મજૂરી કરી કુટુંબનું ગુજરાન ચલાવે છે, ક્યાંય નાસી–ભાગી જાય તેમ નથી. અરજદારને જેલમાં રહેવાનું થાય તો પરિવારને ભરણપોષણ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે. હાલનાં ગુનાની ટ્રાયલ ચાલતાં લાંબો સમય નીકળી જાય તેમ છે. અરજદાર નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન

કરવા તૈયાર છે. હાલનાં ગુનાનાં અન્ય સહઆરોપીઓની જામીન અરજી અત્રેની કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય, અરજદારને પેરીટીનો લાભ આપી, હાલની જામીન અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

અરજદાર તરફે 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' તથા નામ. સુપ્રિમ કોર્ટનાં સંજય ચંદ્રા વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન તથા સતેન્દ્રકુમાર અંતિલ વિ. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશનનનાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ઉપર આધાર રાખી જામીન આપવા અરજ કરવામાં આવેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિ.પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ રજુઆત કરેલ છે કે, હાલનો બનાવ તા.૨૨.૧૧.૨૦૨૫ નાં રોજ બનેલ. અરજદારને પોલીસે તા.૧૮.૦૩.૨૦૨૬ નાં રોજ પકડેલ. હાલનાં ગુનામાં વપરાયેલ વાહન અરજદારની માલિકીનું છે અને તે બાબતે અરજદાર તરફે કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી. અરજદારે પોતે જ પ્રોહી. મુદ્દામાલ મંગાવેલ છે. અરજદારે પોતાના આર્થિક ફાયદા સારુ ગેરકાયદેસર રીતે અને અગાઉ પકડાયેલ આરોપીઓએ એકબીજા સાથે મળી પોતાની ગાડીમાં રૂા.૧,૩૧,૬૧૩/- નો પ્રોહી. મુદ્દામાલ લાવેલ છે. હાલનાં ગુનામાં અરજદારને પેરટીનો લાભ મળવાપાત્ર નથી. આમ, અરજદાર સામેનો પ્રથમદર્શનીય કેસ હોય, અરજદારની જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યાં તથા આ કામે રજુ અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૪ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૬) ઉપરોક્ત તમામ હકીકતો તથા પોલીસ તપાસનાં કાગળો ધ્યાને લેતાં, હાલનાં કામે અરજદારે અગાઉ પકડાયેલ આરોપીઓએ એકબીજા સાથે મળી પોતાની બલેનો કાર નં.જીજે-૧૮-બીએફ-૯૨૯૮ માં ભારતીય બનાવટનાં વિદેશી દારુ કાચની તેમજ પ્લાસ્ટીકનાં નાના ટેટ્રા પેક કંપની શીલબંધ કુલ બોટલ નંગ-૨૬૧, કિં.રૂા.૧,૩૧,૬૧૩/- નો પ્રોહી. મુદ્દામાલ ભરી, ગુજરાત રાજ્યમાં વગર પાસ પરમીટે વાહતુક કરી ગુનો કરેલ છે, જેમાં

અરજદારની સંડોવણી હોવાનું ફલિત થાય છે. આમ, અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. અગાઉ પકડાયેલ આરોપીઓ નાકાબંધી દરમિયાન પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાયેલ છે, જેને આ કોર્ટ દ્વારા જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે. અરજદાર અરવલ્લી (મોડાસા) જિલ્લાનાં રહેવાસી છે. અગાઉ આ ગુનાનાં કામે સ્થળ ઉપરથી પકડાયેલ આરોપીઓને જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ છે, જેથી અરજદારને પેરીટીનો લાભ આપવો જોઇએ તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાઓની ઉંડાણમાં ચર્ચા કરવાની હોતી નથી. જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી ટ્રાયલ દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં તથા અરજદાર સામેનો ગુનો જયુડી. મેજી.ફ.ક. દ્વારા ચલાવવાપાત્ર છે, હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારનો ગુનામાં ભાગ જોતાં તથા અરજદાર વડોદરાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તે માટે અરજદારને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**–: હુકમ :–**

(૧) અરજદાર/આરોપી **વિશાલ અરજણભાઇ મારવાડી**, ઉ.વ.આ.૨૪, ધંધો : મજૂરી, રહે : પ્રાઇમ બેંકની પાછળ બાયડ, મુ.પો. બાયડ, તા.બાયડ, જી.અરવલ્લી (મોડાસા), હાલ : સબ જેલ, સંતરામપુર નાઓની હાલની બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **ટ્રાયલ કોર્ટ**માં રજુ કર્યેથી બાકોર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦ ૧૨૫૦૪૮૬/૨૦૨૫ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ) (ઇ),૮૧, ૯૮(૨), ૧૧૬-બી મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :-**

(૧) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક-ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં તથા પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૪) અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધીત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૦૧ લી, માહે-એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૧.૦૪.૨૦૨૬
લુણાવાડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી.મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

એન.ડી.ખખ્ખર,
ગુજ.સ્ટેનો.